


# માઉન્ટ આબુના વાતાવરણમાં બદલાવ, આખુ આબુ ગાઢ ધુમસ્સમા ફેરવાયું

ગુજરાત પાસે આવેલા રાજસ્થાનના લોકપ્રિય હિલ સ્ટેશન માઉન્ટ આબુ ઊંચાઈ પર પર્વતની ગોદમાં આવેલું છે, વધુમા આ વિસ્તાર અરાવલી પહાડી પર વસેલો છે, ગઈકાલે રાત્રે થયેલા વરસાદથી આખા આબુમા ઠંડક પ્રસરી હતી, તો બીજી તરફ આજે વહેલી સવારથી જ વાતાવરણ વરસાદી બન્યું છે, ગુરૂવારથી માઉન્ટ આબુના વાતાવરણમા બદલાવ જોવા મળ્યો હતો આજે નક્કી તળાવથી લઈ આબુના વિવિધ વિસ્તારો અચલગઢ, દેલવાડા, ઓરીયા, ગુરુ શિખર, સનસેટ પોઈન્ટ સહીતના વિસ્તારોમા ગાઢ ધુમ્મસવાળુ વાતાવરણ જોવા મળ્યું હતુ. ગઈકાલે સાંજે માઉન્ટ આબુમાં વરસાદ આવવાથી અહીંનો પારો ગગડ્યો હતો, માઉન્ટ આબુમાં હાલમાં આજે સવારે પણ ભારે પવન ફૂંકાયો હતો, ધુમ્મસવાળા વાતાવરણને લઈને વાહન ચાલકોને પણ વાહન ચલાવવા માટે ભારે પરેશાની થઈ હતી હાલમા આબુનું તાપમાન ગગડ્યું છે સાથે ગાઢ ધુમ્મસવાળા વાતાવરણને લઈને લોકોને થઈ રહ્યો છે ઠંડીનો અને શિયાળાનો અહેસાસ. નક્કી તળાવ પાસે આજે સવારે ભારે ધુમ્મસવાળા વાતાવરણની અસર જોવા મળી હતી. આજે માઉન્ટ આબુમા હાલ જીરો વિજીબિલિટી નોંધાઈ હતી. આજે નક્કી તળાવ પાસે સહેલાણીઓ આવીને ઠંડીનો નજારો માણી રહ્યા હતા. આજે વહેલી સવારે નક્કી તળાવ આસપાસ વાતાવરણમા ભારે ઠંડક જોવા મળતા લોકો શરદીની મજા માણતા હતા આજે નક્કી તળાવમા હાલ બોટિંગ કરતા સહેલાણીઓની સંખ્યામાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. આજે પણ વરસાદ આવે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે, કમોસમી વરસાદથી જગતના તાત ખેડૂતોની ખેતીમા ભારે નુકશાન થયુ છે.

# ફાગણે અષાઢી માહોલથી ખેડૂતો બેહાલ

**અરવલ્લી સહીત ઉત્તર ગુજરાતમાં કમોસમી વરસાદ ખેડૂતોનો વેરી બન્યો, પાક નિષ્ફળની ભીતિ : સાબરકાંઠામાં વરસાદી માહોલથી ખેડૂતો ફફડ્યા**

**હિંમતનગર, પ્રાંતિજ, તલોદ સહિતના અન્ય સ્થળે વરસાદના છાંટા પડ્યા : કમોસમી વરસાદથી ઘઉં અને દિવેલાના પાકને વ્યાપક નુકસાનની ભીતી**




અરવલ્લી જીલ્લા સહિત ઉત્તર ગુજરાતમાં ગુરુવારે સવારથી જ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. વાદળછાયા વાતાવરણ પછી સાંજે ઠંડા પવનની શીત લહેરો વચ્ચે ઠેર ઠેર કમોસમી વરસાદ વરસતા ખેડૂતોના ખેતરમાં ઉભા પાકને વ્યાપક પ્રમાણમાં નુકશાન થશે તેવી આશંકા સેવવામાં આવી રહી છે. શુક્રવારે પણ વાદળછાયું વાતાવરણ રહેતા ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે. જો માવઠું વધારે પ્રમાણમાં થશે તો રવિ પાકને પારવાર નુકશાન થઈ શકે છે. રવિ પાક ઉપરાંત કેરીમાં પણ નુકશાની થવાની ચિંતા ખેડૂતોને સતાવી રહી છે. લાંબુ ચોમાસું અને કમોસમી વરસાદના કારણે અગાઉથી જ ખેડૂતોની સ્થિતિ ખરાબ હતી આમ ફરીથી જો કમોસમી વરસાદ પડે તો ખેડૂતોને રોવાનો વારો આવે તેવી સ્થિતિ પેદા થઈ છે.




સાબરકાંઠા-અરવલ્લી સહિત ઉત્તર ગુજરાતના લોકો માટે મુખ્યત્વે ખેતી અને પશુપાલન ઉપર આધારીત જીલ્લો છે. ત્યારે એક તરફ શિયાળાની વિદાય થઈ રહી છે અને ઉનાળાનું ધીમે પગલે આગમન થઈ રહ્યું છે. રાજ્યના વાતાવરણમાં આવેલા પલટાને કારણે અરવલ્લી જિલ્લાના માલપુર, મોડાસા, ભિલોડા સહિતના વિસ્તારોમાં વરસાદી ઝાપટા થયા છે, જેને લઈને ખેડૂતોના માથે ચિંતાના વાદળો છવાઈ ગયા છે. અરવલ્લી જિલ્લામાં અંદાજે ૧૨૩૧૮૧ હેક્ટરમાં રવિ પાકનું વાવેતર થયું છે, જેમાં ઘઉં ૭૮૪૦૯ હેક્ટર, મકાઈ-૧૨૯૯૦ હેક્ટર,તેમજ બટાટાનું અંદાજે ૧૮૦૧૪ હેક્ટરમાં વાવેતર થયું છે. ત્યારે ગત મોડી રાત્રે કમોસમી વરસાદી ઝાપટાને કારણે ખેડૂતોમાં ચિંતા પ્રસરી છે. અરવલ્લી જિલ્લામાં હાલ બટાટા કાઢવાની શરૂઆત કરવામાં આવી છે, તો મોટા ભાગના બટાટા હજુ ખેતરમાં જ છે ત્યારે બટાટા અને ઘઉંના પાકમાં નુકશાની વેઠવાની નોબત પેદા થતા ખેડૂતો ચિંતિત બન્યા છે.

ઉત્તર ગુજરાતમાં એકાએક વાતાવરણમાં પલ્ટો આવતા અને કમોસમી માવઠાના પગલે ખેડૂતો દ્વારા ખેતરમાં ઉભા પાકને તેમજ જે પાક કાપીને મુકવામાં આવ્યો છે. તેવા પાક ભીનો થવાથી ખેડૂતોને ભારે નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. કમોસમી વરસાદથી હાલમાં ખેતરમાં ઉભા પાક જેવા કે જીરૂ, સુવા, ચણા, રાઈ, વરિયાળી, શાકભાજી વગેરે પાકમાં ખેડૂતોએ સાવચેતી અને સલામતીના પગલા લેવાનું જીલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને જણાવવામાં આવ્યું છે. બીજી તરફ પાકની કાપણી કરેલ હોય તો વરસાદથી પાક ભીંજાય નહી તે માટે કાપણી કરેલ તૈયાર પાક ગોડાઉન અથવા સુરક્ષિત જગ્યાએ રાખવા કાળજી લેવી. જીરૂ, ઘંઉ, રાઈ, શાકભાજી વગેરે પાકમાં ઉભા પાકોમા પિયત ટાળવું. ખેતરમાં રહેલ ઘાસચારાના ઢગલા વ્યવસ્થિત જગ્યાએ ઢાંકીને રાખવા, ફળ પાકો/શાકભાજી ઉતારીને બજારમાં સુરક્ષિત રીતે જ પહોંચાડવા જણાવ્યું હતું.

સાબરકાંઠા જિલ્લામાં બે દિવસથી વાતાવરણમાં આવેલા પલ્ટા બાદ અચાનક ગુરૂવારે સાંજના સુમારે અચાનક આકાશમાં વાદળો ચઢી આવવાને કારણે મોડી સાંજે હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે વરસાદનું ઝાપટુ પડ્યું હતું. જેના લીધે ખેડૂતોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો અને મોટાભાગના ખેડૂતો મોં મા આવેલો કોળીયો ઝુંટવાઈ જવાની બીકથી ચિંતામાં ગરકાવ થઈ ગયા હતા. જોકે શુક્રવારે પણ જાણે કે વરસાદી માહોલ રહ્યો હોય તેમ આકાશ વાદળોથી છવાયેલુ રહ્યુ હતુ. જેના લીધે દિવસનું તાપમાન ઘટી જવા પામ્યુ હતુ. જિલ્લામાં અનેક ઠેકાણે પડેલા કમોસમી વરસાદ તથા પવનને લીધે ઘઉંનો પાક જમીનદોસ્ત થઈ ગયો હતો.

સાબરકાંઠા જિલ્લામાં ગુરૂવારે વાતાવરણમાં આવેલા પલ્ટા બાદ સાંજના સુમારે જોરદાર પવન સાથે વરસાદના છાંટા શરૂ થઈ ગયા હતા. શરૂઆતના તબક્કામાં એટલે કે સાંજે સાત વાગ્યાના સુમારે ખેડબ્રહ્મા, વડાલી અને ઈડર સહિત પોશીના તથા વિજયનગર પંથકમાં શરૂ થયેલા વરસાદને લીધે લોકોએ ઠંડી મહેસુસ કરી હતી. દરમ્યાન ગુરૂવારે હિંમતનગર સહિત જિલ્લાનુ તાપમાન ૨૮ ડિગ્રીની આસપાસ રહેવા પામ્યુ હતુ. જોકે સવારે તાપમાનનો પારો ગગડી જતા લોકોને ગરમ વસ્ત્રો ધારણ કરવાની ફરજ પડી હતી. કમોસમી વરસાદને લીધે જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં જે ઘઉંનો પાક તૈયાર થયો છે તે પૈકી મોટાભાગનો પાક પવનને લીધે જમીનદોસ્ત થતા ખેડૂતોને નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

જિલ્લા ખેતીવાડી વિભાગના જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લામાં અંદાજે ૧૦ હજાર હેક્ટરથી વધુ જમીનમાં ઘઉંના પાકનું વાવેતર થયુ હતુ જો કે અત્યારે તે પૈકી મોટાભાગના ઘઉંમાં ખેડૂતો છેલ્લુ પીયત આપી રહ્યા છે જેના લીધે આવા ખેડૂતોને કમોસમી વરસાદને લીધે નુકસાન થવાની શક્યતા ઓછી ગણી શકાય તેમ છતાં જીરૂ, વરીયાળી, દિવેલાના પાકને પવનને કારણે નુકસાન થયુ છે. હિંમતનગર તાલુકાના રાજપુર, જામળા, કાંકણોલ, શેરડીટીંબા સહીતના અન્ય ગામોમાં ગુરૂવારે રાત્રે પડેલા કમોસમી વરસાદના ઝાપટાને લીધે નુકસાન થયાનુ અનુમાન છે.

આ ઉરાંત જિલ્લાના પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના પંથકમાં પણ મોડી રાતે કમોસમી વરસાદ થયાના અહેવાલ સાંપડ્યા છે. જો કે તે વિસ્તારોમાં થયેલા માવઠાને કારણે કેટલુ નુકસાન થયુ તેની વિગતો જાણી શકાઈ નથી. દરમ્યાન અત્યારે આવા વાતાવરણને લીધે જે ખેડૂતોને ઘઉંનો પાક તૈયાર થઈ ગયો છે તે ખેડૂતો હાલ પુરતી ઘઉંની કાપણી કરવાનુ મુલત્વી રાખી રહ્યા છે. એટલુ જ નહી પણ પંચમહાલ, દાહોદ તરફથી આવતા ખેતમૂજરો મોટેભાગે હોળી-ધુળેટીના તહેવારો બાદ આવતા હોવાથી જિલ્લાના ખેડૂતો તેમની રાહ જોઈને બેઠા છે. મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લામાં ગુરૂવારે રાત્રે અનેક ઠેકાણે સરેરાશ ૩ થી ૫ મીમી વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગના જણાવાયા મુજબ શનિવારથી આકાશમાં ઘોરંભાયેલા વાદળો વિખરાઈ જવાની શક્યતા છે જેને લઈને આકાશ સ્વચ્છ બની જશે.

## ડીસા ગુલબાણીનગરના રહીશો ગંદકી હટાવવા માટે આવેદનપત્રોના આશરે

ડીસામાં છેલ્લા કેટલાક સમયથી શહેરના ભરચક વિસ્તાર એવા ગુલબાણીનગર સોસાયટીમાં ગટરના ગંદા પાણી ઉભરાઈ રહ્યા છે અને રહીશો અવનવી બિમારીઓમાં સપડાઈ રહ્યા છે. સ્થાનિક રહીશો દ્વારા વારંવાર નગરપાલિકાના સત્તાધીશોને લેખિત અને મૌખિકમાં રજુઆત કરવામાં આવી છે



તેમ છતાં આ મામલે કોઈ જ પગલાં ભરવામાં ન આવતા ગઈકાલે સ્થાનીક રહીશો દ્વારા ડીસાની બ્લોક હેલ્થ કચેરી, મામલદાર અને નાયબ કલેકટર કચેરીએ આવેદનપત્ર પાઠવી રજુઆત કરવામાં આવી હતી તેમજ તાત્કાલિક ધોરણે આ સમસ્યા દૂર થાય તેવી માંગ પણ સ્થાનિકો દ્વારા કરાઈ હતી.

## જે.એસ. મહેતા હાઈસ્કૂલમાં ઈનામ વિતરણ કાર્યક્રમ

શ્રી ધનસુરા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.એસ. મહેતા હાઈસ્કૂલ ઉ.પ્રાથમિક વિભાગમાં આજ રોજ ઈનામ વિતરણ અને તિથી ભોજનનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેળવણી મંડળના પ્રમુખ કે.એસ. પટેલ ટ્રસ્ટી મોતીભાઈ પટેલ અને મંડળના અન્ય હોદ્દેદારો હાજર હાજર રહી બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

## ધારેશ્વર મહાદેવ મંદિરે બાયડ તાલુકા ક્ષત્રિય ઠાકોર સમાજની બેઠક યોજાઈ



બાયડ તાલુકાના વાત્રક નજીક ધારેશ્વર મહાદેવ મંદિરે સમસ્ત બાયડ તાલુકા ક્ષત્રિય ઠાકોર સમાજની બેઠક યોજાઈ હતી. જેમાં બાયડ તાલુકા ઠાકોર સમાજના અગ્રણીઓ અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં તાજેતરમાં ભારતીય આર્મીમાંથી રીટાયર્ડ થયેલ ઠાકોર સમાજના ભાઈઓ વકતુંસિંહ પરમાર, અનુપસિંહ પરમાર તેમજ કોદરસિંહ ઝાલાનું દેશની સેવા કરવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું. બેઠકમાં મુખ્ય સમાજનું સંગઠન, સમાજમાં શિક્ષણ જાગૃતિ, સમૂહલગ્ન તેમજ બાયડ ખાતે સમાજની શૈક્ષણિક સંસ્થા તેમજ સમાજવાડી બને તે અંગેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સાથે સાથે સમાજના દીકરા દીકરીઓ ગ્રેજ્યુએશન સુધીનું ભણતર મેળવે તે અંગે સર્વાનુમતે ઠરાવ કરી સોગંદ લેવામાં આવ્યા હતા.